
॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT    ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 03,(SURAT), DATE-09/07/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૦૩, (સુરત), તા.૦૯/૦૭/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 તાપી જિલ્લામાં વહેલી સવાર અને મોડી સાંજના ટ્યુશન કલાસીસ પર પ્રતિબંધ

3 સુરત જિલ્લાના ઉમરપાડા પોલીસ દ્વારા ઉમરઝર ગામે જુગારીઓને ઝડપી પાડ્યા

4 સુરત જિલ્લા કોગ્રેસ સમિતિ ના નવનિયુક્ત પ્રમુખ આનંદભાઈ ચૌધરી નો પદગ્રહણ સમારંભ યોજાયો

## માંડવી ઓડિટોરિયમ હોલ ખાતે ૧૫૭ વિધાનસભા માંડવી તથા સોનગઢ ના નિયુક્ત થયેલ સરપંચઓનો સન્માન સમારંભ યોજાયો

### કોગ્રેસ પાર્ટીના તથા BTS પાર્ટીના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા.

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** ઓડિટોરિયમ હોલ ખાતે આજરોજ ૧૫૭ વિધાનસભાના નવનિયુક્ત સરપંચશ્રીઓનો સન્માન સંભારમ યોજાયો હતો .

આ કાર્યક્રમ રાજયકક્ષાના મંત્રી કુંવરજીભાઈ હળપતિ ના અધ્યક્ષ અને યોજાયો હતો. જેમાં બારડોલી લોકસભાના સાંસદ પ્રભુભાઈ વસાવા દ્વારા નવા ચૂંટાયેલા તમામ સરપંચઓને આવકારી અભિનંદન પાઠવ્યા હતા તેમજ કોગ્રેસ પાર્ટીના તથા BTS પાર્ટીમાંથી ભાજપમાં જોડાયેલ તમામ કાર્યકરોને આવકાર્યા હતા.




સુરત જિલ્લા ભાજપ મહામંત્રી જીગરભાઈ નાયક તથા ઝોન પ્રભારી જિલ્લા ભાજપ મહામંત્રી રાજેશભાઈ પટેલ દ્વારા તમામ ચૂંટાયેલા સરપંચ શ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ કુંવરજીભાઈ હળપતિએ તમામ વિજેતા થયેલ તેમજ સમરસ તથા બિનહરીફ થયેલ સરપંચ શ્રી ઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા .અને સ્મૃતિભેટ આપી સન્માનિત કર્યા હતા.

તેમજ કોગ્રેસ તથા BTS પાર્ટી છોડી આવેલ તમામ કાર્યકરોને ભાજપનો ભગવો ખેસ પહેરાવી આવકાર્યા હતા અને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે સુરત જિલ્લા મંત્રી ડો. આશિષભાઈ ઉપાધ્યાય, માંડવી નગર ભાજપ પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ તાલુકા ભાજપ પ્રમુખ અનિલભાઈ ચૌધરી, પાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહ, મહામંત્રી શ્રી ઓ શાલીનભાઈ શાહ, વિજયભાઈ પટેલ, અલ્પેશભાઈ પટેલ તથા તમામ ગામોના ચૂંટાયેલા સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અંતે આભાર વિધિ તાલુકા ભાજપ મહામંત્રી છનાભાઇ વસાવા એ કરી હતી.

## શ્રી છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય પરીવાર નાં સંસ્થાપક આ શકિતશાળી Shri Chhatrapati Shivaji Maharaj The Management Guru" Book પુસ્તક આજની યુવા પેઢી સમક્ષ પ્રસ્તુત



તાપી જિલ્લા સોનગઢ નગર પાલિકા સંચાલિત સ્વામી વિવેકાનંદ ગ્રંથાલય, સરકારી અને વિનયન કોલેજ કિલ્લે સોનગઢ અને કામધેનુ યુનિવર્સિટી ઉકાઈ (સેંટર ઓફ એક્સેલન્સ) ગુજરાત ફિશરીઝ આ ત્રણે સંસ્થાનો પર તા. ૭ જુલાઈ સોમવારના રોજ શ્રી છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય પરીવાર (લોસ એન્જલસ, યુએસએમાં રહેતા) નાં સંસ્થાપક શ્રી વિજય પાટીલ સરના દૂરદર્શિતા, માર્ગદર્શન અને SMAP ફાઉન્ડેશન નાં સમર્પિત સભ્યોનાં સમર્થનથી પ્રો. નામદેવરાવ જાધવ દ્વારા સંપાદિત શિવાજી Shri Chhatrapati Shivaji Maharaj The Management Guru" Book આ શક્તિશાળી પુસ્તક આજની યુવા પેઢી સમક્ષ પ્રસ્તુત કરવાનો અમને ગર્વ છે. આ પુસ્તક ફક્ત આપણાં મહાન રાજાને શ્રદ્ધાંજલિ જ નથી, પરંતુ શિવાજી મહારાજના વારસા દ્વારા વિદ્યાર્થીઓને નેતૃત્વ, વ્યૂહરચના અને જીવનમૂલ્યો વિષે શિક્ષિત અને પ્રેરણા આપવાનું સાધન પણ છે. અમારો ધ્યેય શાળાઓમાં વિદ્યાર્થીઓ આપણાં યોદ્ધા રાજાના ગૌરવશાળી ઇતિહાસને શીખીને મોટાં થાય અને મજબૂત મૂલ્યો અને દ્રષ્ટિકોણથી તેમનાં વિચારોને આકાર આપે તે સુનિશ્ચિત કરવાનો છે.

## પ્રજાસ શક્તિ ડેમોક્રેટિક પાર્ટી નેતા અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી પૂર્વ કેન્દ્રીય કાપડ મંત્રી શંકરસિંહ વાઘેલા બાપુ દ્વારા

### રાજકોટમાં ક્ષત્રિય રાજપુત આગેવાન પી.ટી જાડેજા ની ધરપકડ અને ડેડીયાપાડામાં ની AAP પાર્ટીના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાની ધરપકડ મુદ્દે ભાજપ સરકાર પર સવાલો કર્યા અને કડી નિંદા કરી



**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** ભારતીય જનતા પાર્ટી રાજકીય વૈમનસ્યતા રાખીને પોલીસ તંત્રનો જે રીતે દુરુપયોગ કરી રહી છે, તે લોકશાહીના મૂળભૂત હિતો વિરુદ્ધ છે. રાજકોટમાં શ્રી પી. ટી. જાડેજા સામે પાસા જેવા કાયદાને લાગુ કરવો અને ડેડીયાપાડાના ધારાસભ્ય શ્રી ચૈતર વસાવા સામે કલમ ૩૦૭/ ૧૦૯ હેઠળ ખોટો કેસ દાખલ કરવો એ ભાજપા સરકાર દ્વારા રાજકીય કિન્નાખોરી રાખીને લેવાયેલો બદલો છે, જે નિંદનીય છે. આવા ગંભીર કાયદાની કલમો હટાવવામાં આવે તેવી સરકારને સ્પષ્ટ રીતે વિનંતી કરું છું.

પ્રજાસ શક્તિ ડેમોક્રેટિક પાર્ટી નેતા અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી પૂર્વ કેન્દ્રીય કાપડ મંત્રી શંકરસિહ વાઘેલા બાપુ દ્વારા રાજકોટમાં ક્ષત્રિય રાજપુત આગેવાન પી.ટી જાડેજા ની ધરપકડ અને ડેડીયાપાડામાં ની AAP પાર્ટીના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાની ધરપકડ મુદ્દે ભાજપ સરકાર પર સવાલો કર્યા અને કડી નિંદા કરી છે.

### ટી. બી. મુક્ત ભારત અભિયાન અન્વયે

## જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા ટી. બી. ના ૩૫ દર્દીઓને પોષણ યુક્ત આહાર કીટનું વિતરણ કરાયું

જનસેવા અને સંસ્કાર નું સિંચન કરતી તથા અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન સલગ્ન જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા અને પ. પૂ. જ્ઞાનજીવન દાસ સ્વામીજી ની પ્રેરણા શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડલધામ ના સૌજન્ય થી તા. ૫/૭/૨૫ ના રોજ ટી.બી.મુક્ત અભિયાન અંતર્ગત.. ટી.બી હટાવો.. તંદુરસ્તી લાવો... પ્રોજેક્ટ અન્વયે ટી. બી. ના ૩૫ દર્દીઓને પોષણ યુક્ત આહાર કીટ નું વિતરણ શેલ્ટર હોમ જ્યોર્તિગ્રામ સર્કલ નવનાળા પાસે બોટાદ ખાતે કરવામાં આવેલ જેમાં ૧ કિલો ગોળ , ૫૦૦ ગ્રામ શીંગ તેલ, ૫૦૦ ગ્રામ મગ ,૫૦૦ શિંગ દાણા, ૫૦૦ ગ્રામ ચણા, ૧ ડબ્બો પ્રોટીન પાવડર, દૂધ થેલી આપવામાં આવેલ.




આ પ્રસંગે જાયન્ટ્સ ફેડરેશન IPP કેતન ભાઈ રોજેસરા, યુનિટ ડિરેક્ટર સી. એલ.ભીકડીયા, પ્રોજેક્ટ ચેરમેન ડો. પરેશભાઈ દરજી, સેક્રેટરી દીપકભાઈ માથુકીયા, મુકેશભાઈ જોટાણીયા, રાજુભાઇ ડેરૈયા, મન્સુરભાઈ ખલ્યાણી તથા આરોગ્ય કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેલ.

**પ. પૂ. જ્ઞાનજીવન દાસ સ્વામીજી ની પ્રેરણા શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડલધામ ના સૌજન્ય થી તા. ૫/૭/૨૫ ના રોજ ટી.બી.મુક્ત અભિયાન અંતર્ગત.. ટી.બી હટાવો.. તંદુરસ્તી લાવો... પ્રોજેક્ટ અન્વયે ટી. બી. ના ૩૫ દર્દીઓને પોષણ યુક્ત આહાર કીટ નું વિતરણ**

## માંડવી તાલુકાના પાતલ ગામે પ્રાકૃતિક ખેતી કેવી રીતે થાય તેમ જ વૃક્ષારોપણ કરાયું



**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી તાલુકાના પાતલ ગામે પ્રાકૃતિક ખેતી કઈ રીતે થાય જે અંગે પાતલ ગામના મિત્ર મંડળ ગ્રુપ દ્વારા શરૂઆત કરવામાં આવી હતી અને ગીર ગાયનું છાણ, ગીર ગાયનો પેશાબ તેમજ ઓર્ગેનિક વસ્તુઓ મિક્સ કરી પાતલ ગામે પ્રાકૃતિક ખેતી કરવાનો પ્રારંભ કરાયો હતો તેમજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં પાતલ ગામના જીગ્નેશભાઈ મકવાણા તથા તેમની ટીમ દ્વારા પ્રાકૃતિક ખેતી ની શરૂઆત કરાઈ હતી.

## સાંદિપની વિદ્યાલયમાં યોજાઈ ગયેલી ગોરમાના ગીતની સ્પર્ધા



**દેરોડ-**કામરેજમાં આવેલી સાંદિપની વિદ્યાલયમાં ધોરણ એક થી આઠ સુધીના વિદ્યાર્થીઓ માટે ગોરમાના ગીતની સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં ધોરણ એક ના વિદ્યાર્થી ધાર્મિક, ધોરણ ત્રણ ની વિદ્યાર્થી સ્નેહા પ્રથમ ક્રમાંક , વ્યાની બીજો ક્રમ ધોરણ ચાર ના વિદ્યાર્થીઓ માં પ્રિન્સ પ્રથમ ક્રમાંક નાયરા બીજો ક્રમાંક કાવ્ય અને દિશા તૃતીય ક્રમાંક કર્યો. ધોરણ છ ના વિદ્યાર્થીઓ માં કાવ્યા અને હસ્તી એ પ્રથમ ક્રમાંક કર્યો જયારે અંજુ દ્વિતીય ક્નાંક પ્રાપ્ત કર્યો હતો. ધોરણ સાત ના વિદ્યાર્થીઓ માં પ્રથમ ક્રમાંકે પ્રિન્સ, વિરાજ અને વંશ રહ્યા હતા. ધોરણ આઠ ના વિદ્યાર્થીઓ માં પ્રથમ ક્રમાંકે તથા મહેક દ્વિતીય ક્રમાંક મેળવ્યો હતો.

દ્વિતીય ક્રમાંક તન્વી, દક્ષિતા તથા પ્રાચીય પ્રાપ્ત કર્યો હતો સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાની શિક્ષિકા બહેનો એ કર્યુ હતું.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## ૨૫ કરોડ કર્મચારીઓની ૯ મી જુલાઇએ હડતાળ! બેન્ક, શેરમાર્કેટ, વીમા કંપની.. શું બંધ રહેશે ને શું ખુલ્લું




શાળાઓ, કોલેજો અને ખાનગી કચેરીઓ તો ખુલ્લી જ રહેવાની છે. પરંતુ ટ્રાફિકના વિક્ષેપને કારણે કેટલાક સ્થળોએ સમસ્યાઓ થઈ શકે એમ છે.

૯ મી જુલાઇએ ભારત બંધ રહેવાની માહિતી મળી રહી છે. બેન્ક, પોસ્ટ કે પછી ઈન્સ્યોરન્સને લગતી કોઈપણ કામગીરી કરવાનું વિચારી રહ્યા હોવ તો થોભી જજો. કારણકે ૯ મી જુલાઇએ` દેશભરમાં હડતાળ પાડવામાં આવનાર છે. 30 કરોડથી પણ વધારે કર્મચારીઓ દેશવ્યાપી હડતાળ પર ઉતરવાના હોવાની માહિતી મળી છે.

રિપોર્ટ પ્રમાણે યુનિયનોએ આક્ષેપ કર્યો હતો કે સરકારની 'કોર્પોરેટ વિરોધી, કામદાર વિરોધી અને ખેડૂત વિરોધી' નીતિઓ વિરુદ્ધ હડતાળ કરવી જરૂરી છે. તમને જણાવી દઈએ કે શાળાઓ, કોલેજો અને ખાનગી કચેરીઓ તો ખુલ્લી જ રહેવાની છે. પરંતુ ટ્રાફિકના વિક્ષેપને કારણે કેટલાક સ્થળોએ સમસ્યાઓ થઈ શકે એમ છે.

### બંગાળમાં ભૈરવ સૈનીની પહેલ

## 30 ગામના ૭૦૦ ખેડૂતોએ કરી ઓર્ગેનિક ખેતીની શરૂઆત



**બાંકુડા-** પશ્ચિમ બંગાળના ૭ જિલ્લાઓના 30 ગામો ઓર્ગેનિક ગામડા બની ગયા છે. બાંકુરા, ઉત્તર ૨૪ પરગણા, દક્ષિણ ૨૪ પરગણા, બર્દવાન, પશ્ચિમ મેદિનીપુર, પૂર્વ મેદિનીપુર અને ઉત્તર દિનાજપુર જિલ્લાના આ ગામોના ૭૦૦ થી વધુ ખેડૂતો ફક્ત ઓર્ગેનિક ખેતી કરી રહ્યા છે. તેમને આ માટે પશ્ચિમ બંગાળના બાંકુરા જિલ્લાના પચલ ગામના ૪૯ વર્ષીય ભૈરવ સૈની દ્વારા પ્રેરણામળી છે. સૈનીએ પોતે ૨૧ વર્ષ પહેલા ઓર્ગેનિક ખેતી શરૂ કરી હતી. પછી તેમણે સ્વદેશી રસાયણોનો ઉપયોગ ન કરવાથી ઉપજમાં ઘટાડો થાય છે. આ સમસ્યાના ઉકેલ માટે, અમે સૂક્ષ્મજીવાણુઓ દ્વારા છોડને ખોરાક પૂરો પાડીશું.

## તાપી-ડાંગમાં ભારે વરસાદથી નદીઓમાં ઘોડાપુરઃ વાલ્મિકી, પૂર્ણા, અંબિકા અને મીંઢોળા નદી બે કાંઠે, લો-લેવલ બ્રિજ ડૂબ્યા



**તાપી (વ્યારા)-** તાપી અને ડાંગ વિસ્તારમાં થયેલા ભારે વરસાદને કારણે જિલ્લાની મુખ્ય નદીઓમાં ઘોડાપુરની સ્થિતિ સર્જા છે. વાલોડ તાલુકામાંથી વહેતી વાલ્મિકી નદીમાં મોટા પ્રમાણમાં પાણીનો પ્રવાહ નોંધાયો છે. ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે જિલ્લાની મુખ્ય નદીઓ વાલ્મિકી, પૂર્ણા, અંબિકા અને મીંઢોળા બે કાંઠે વહી રહી છે. ડોલવણ વિસ્તારમાંથી પસાર થતી પૂર્ણા નદીમાં પણ પાણીની સપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. વહીવટી તંત્ર દ્વારા લોકોને નદીકાંઠાના વિસ્તારોમાં સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. નદીઓના પટમાં ન જવા માટે સ્થાનિક રહીશોને અપીલ કરવામાં આવી છે. નદીઓ પર બનાવવામાં આવેલા લો-લેવલ પુલો પાણીમાં ડૂબી ગયા છે, જેના કારણે અનેક માર્ગો બંધ થયા છે.

### તાપી જિલ્લાના ખેડૂતો જોગ સંદેશ

## તાપી જિલ્લાના ખેડૂતોને ૧૦ જુલાઈ સુધી ફાર્મર રજીસ્ટ્રી (ખેડૂત નોંધણી) કરાવવા અનુરોધ

**પી.એમ. કિસાન યોજના સહિત તમામ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા ફાર્મર રજીસ્ટ્રી અવશ્ય કરાવવાની રહેશે**




**તાપી-**ભારત સરકાર દ્વારા ડીજીટલ પબ્લીક ઈન્ફાસ્ટ્રકચરના ભાગરૂપે એગ્રીસ્ટેક પ્રોજેકટ અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત તમામ ખેડૂત ખાતેદારોને ફાર્મર રજીસ્ટ્રી (ખેડૂત નોંધણી) કરાવવી ફરજીયાત કરવામાં આવેલ છે. ફાર્મર રજીસ્ટ્રીનો મુખ્ય ઉપયોગ કૃષિ તથા સંલગ્ન વિભાગો દ્વારા ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ જિલ્લાના તમામ ખેડૂતોને સરળ, પારદર્શક અને સમયસર પૂરો પાડી શકાય તે માટેનો છે. આ સિવાય ફાર્મર રજીસ્ટ્રીથી ખેડૂતોની ઓળખ પ્રસ્થાપિત કરી શકાશે. હાલમાં પી.એમ.કિસાન યોજના અંતર્ગત લાભ મેળવવા તમામ ખેડૂતો માટે ફાર્મર રજીસ્ટ્રી ફરજીયાત કરવામાં આવી છે.

સરકારશ્રી તરફથી મળેલ સૂચનાઓ મુજબ પી.એમ કિસાન યોજના હેઠળ નોંધાયેલ ખેડુતો પૈકી ખેડૂત નોંધણી કરાવેલ હશે તેવા જ ખેડૂતોને આગામી હપ્તાનો લાભ મળવાપાત્ર થશે. આથી તમામ બાકી ખેડૂતોને જે તે ગામના વી.સી.ઈ./સી.એસ.સી. સેન્ટર/ગ્રામસેવક/તલાટી કમ મંત્રીનો સંપર્ક કરી તારીખઃ ૧૦/૦૭/૨૦૨૫ સુધીમાં ખેડૂત નોંધણી કરાવી લેવા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

પી. એમ. કિસાન યોજના ઉપરાંત સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ લાભ મેળવવા માટે ખેડૂત રજીસ્ટ્રેશન કરાવવુ જરૂરી હોય તમામ ખેડુત મિત્રોને તાત્કાલિક ખેડુત રજીસ્ટ્રેશન કરાવી લેવા અનુરોધ છે. બહારગામ રહેતા ખેડૂતો http://gjfr.agristack.gov.in/farmer-registry-gj/#/ વેબસાઈટ પર જઈ સેલ્ફ રજીસ્ટ્રેશન કરી શકે છે. અથવા કોઈ પણ નજીકના સી.એસ.સી (કોમ્પ્યુટર સહાયતા કેન્દ્ર) પર જઈ ફાર્મર રજીસ્ટ્રી કરાવી શકે છે. આ માટે તમામ ખેડૂતોએ (૧) આધાર કાર્ડ (૨) જમીનના ઉતારાની નકલ-૮અ/૭-૧૨ તેમજ (૩) આધાર કાર્ડ લીંક હોય તે મોબાઇલ સાથે રાખવો ખાસ જરૂરી છે. દસ્તાવેજોની નકલ કોઈ પણ ઓપરેટરને આપવાની રહેતી નથી. ફક્ત ફાર્મર રજીસ્ટ્રી માટે જરૂરી વિગતો ઓપરેટરને જણાવવાની રહે છે.એમ જિલ્લા ખેતીવાડી અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગુજરાત વિધાનસભામાં ભા.જ.પા.ને ૧૫૬ સીટ આપનારી : પ્રખર તાનાશાહી સરકારના અનુભવો કરાવતી જનતાને ખુબ ખુબ આભાર નમન





સુરતમા ભ્રષ્ટાચાર સામે લડતા જાગૃત યુવા નાગરિક અને વકીલ મેહુલભાઈ બોધરા ઉપર હુમલો થાય માથું ફોડી નાખવામાં આવે છતાં આરોપી પર ૩૦૭ હાફ મર્ડર નો ગુનો નોંધાવવા આખું પોલીસ સ્ટેશન માથે લેવું પડે ત્યારે ગુનો દાખલ કરાય છે

મનરેગામાં કરોડોનું કૌભાંડ ને બહાર પાડનાર AAP ના ધારાસભ્ય ચૈતવસાવા એક પાણી નો ગ્લાસ મારે (એ પણ સાચું ખોટું એના પર પણ પ્રશ્ન છે) ત્યાં ૩૦૭ (BNS ૧૦૯) જેવી કલમ લગાવી જેલ માં ધકેલી દેવામાં આવે.

રાજકોટ મા ક્ષત્રિય રાજપૂત સમાજના સામાજિક અગ્રણી જે અસ્મિતા આંદોલનમાં સક્રિય હતા પી...ટી. જાડેજા. ના જેવી બાબત બોલાચારી થઈ હોય માત્ર ધમકી આપે મંદિર ના ટ્રસ્ટી હોવા નાટક ટાઇમ ફેર બદલી કરી આરતી નહિ ઉતારવા તો પાસા. થઈ જાય અને રાતોરાત જેલમાં ધકેલી દેવામાં દેવામાં આવે

પોલીસ ભાજપ ની ગુલામ બની ગઈ હોય એવા અણછાજતુ વર્તન અનેક વીડિયો તારણ કાઢતા દેખાઈ આવે છે

પોલીસ ના એક અધિકારી દ્વારા ડેડીયાપાડામાં નાગરિકને એવું કહેવામાં તારી શું ઓકાત છે તો જનતાના મહેનત ના ટેક્સ ના પૈસા માંથી પગાર જેમને જાય છે જે જનતાના સેવક છે એમનું આવું નિવેદન આવે ગુજરાત પોલીસ ગુજરાત ની આમ જનતાને કયા ન્યાય ની આશા રાખવાનું??

આઝાદીના સમય દરમિયાન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, ગાંધીજી ડો,બાબાસાહેબ આંબેડકર જેવા અનેક ક્રાંતિકારી વકીલો હતા તે જમાનામાં ત્યારે અંગ્રેજ સરકાર પણ કોર્ટમાં તેઓને આવવા દેતી હતી આ પ્રખર લોકશાહીમાં ૧૫૬ સીટ આપ્યા બાદ પણ ગુજરાત એક મનસ્વી સરકારમાં જીવે છે હજુ ગુજરાત આઝાદ નથી થયું એવા દર્શન થાય છે.

આના કરતા તો રાજાશાહી અને અંગ્રેજોની ગુલામી સારી કેહવાય તો નવાઇ નહિ.. આ લોકશાહી છે કે બની બેઠેલા વિશ્વના ગુરુ સાહેબની તાનાશાહી કે પછી રાજાશાહી ???

ભાજપ સરકારમાં ઘણા મોટા ભ્રષ્ટાચાર કૌભાંડ થયા હજુ તેમના પર કાર્યવાહી કેમ ન કરવાઇ એમને પાસા ક્યારે થશે ....???

## પહેલાં વરસાદમાં શહેરના મુખ્ય માર્ગો પણ ધોવાઇ જતાં વાહનોની ગતિ થંભી ગઇ





કામરેજ: ઉમરાં થી વેલંજા જવા માટે નવો રોડ બન્યો તુરંત મહિનો થયો છે ઠેર ઠેર મોટા ખાડા થી વાહન ચાલકો પરેશાન થયાં. જે ખાડામાંથી વાહન ચાલકોને રસ્તો શોધવો પડે એવી પરિસ્થિતિ સર્જાય છે. કામરેજના હાર્દ ગણાતા ચારરસ્તા પર સામાન્ય પરિસ્થિતિમાં ટ્રાફિક સમસ્યા માથાના દુખાવા સમાન બની છે. પહેલાં વરસાદમાં શહેરના મુખ્ય માર્ગો પણ ધોવાઇ જતાં વાહનોની ગતિ થંભી ગઇ છે. કમર તોડ ખાડા છતાં મરામત કાર્યમાં પાલિકા તંત્રની ખુબ ઢીલી કામગીરીના લીધે ચાલકોની હાલાકી બમણી થઇ ગઇ છે.






## આમ આદમી પાર્ટીની વિજય સંદેશ યાત્રા ભાવનગર પહોચી





વિસાવદર વિધાનસભા પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીની ભવ્ય જીત થઈ છે તેનો સંદેશ જન જન સુધી પહોંચાડવા શરૂ કરાયેલ 'વિજય સંદેશ યાત્રા' આજે ભાવનગર પહોચી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઈશુદાન ગઢવી એ ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિહજી ગોહિલના પ્રતિમાને પુષ્પહાર પહેરાવી પુષ્પ અર્પણ કરી સાદર નમન કર્યા ભાવનગર ખાતે ખૂબ મોટી સંખ્યામાં કાર્યકરો ઉત્સાહથી રેલીમાં જોડાયા અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું આવનારી ચુંટણીમાં આમ આદમી પાર્ટી ગુજરાતમાં પરિવર્તન લાવી ભવિષ્ય બનીને ઊભરશે

## સ્માર્ટ મીટર ઉપર અમને ભરોષો નથીઃગીતાનગરમાં લોકોએ વીજ મીટરમાં લોખંડની જાળી લગાવી ટાળા મારી દીધા



સુરત- સામાન્ય રીતે લોકો પોતાની કિંમતી ચીજ-વસ્તુઓ કે તિજોરીને સુરક્ષિત રાખવા માટે તાળાં લગાવતા હોય છે, પરંતુ સુરતમાં એક અનોખો અને રસપ્રદ કિસ્સો સામે આવ્યો છે. અહીંના લોકોએ હવે પોતાના વીજ મીટર પર તાળાં મારવાનું શરૂ કર્યું છે. આ પાછળનું કારણ છે કે, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સ્માર્ટ મીટર લગાવવાની ઝુંબેશ અને તેનાથી ભડકેલો જનતાનો વિરોધ. આ મામલે સ્થાનિકોએ જણાવ્યું હતું કે, અમે ભણેલા નથી અને અમે સ્માર્ટ પણ નથી એટલે અમને સ્માર્ટ મીટર પર જરા પણ ભરોષો નથી. અમારે સ્માર્ટ મીટર જોઈતા નથી. અધિકારીઓ આવશે તો અમે પગ પકડી લેશું.

સ્માર્ટ મીટરનો ડર અને 'મીટર બચાવો અભિયાન' પાંડેસરા વિસ્તારમાં ખાસ કરીને કૈલાશ ચોકડી નજીક આવેલા ગીતાનગર ૩ માં મીટર બચાવો અભિયાનની શરૂઆત થઈ છે. સ્થાનિકોને ડર છે કે સ્માર્ટ મીટર લગાવવાથી વીજળીના બિલમાં અસહ્ય વધારો થશે, જે મોંઘવારીના આ સમયમાં તેમને પોસાય તેમ નથી. આ ડરને કારણે લોકોએ રાત્રિ દરમિયાન પણ તેમના જૂના મીટરને બચાવવા માટે લોખંડની જાળી લગાવીને તેના પર તાળાં મારવાનું શરૂ કર્યું છે. આ એક પ્રકારનો અનોખો અને શાંતિપૂર્ણ વિરોધ છે, જેમાં લોકો પોતાના વીજળીના મીટરને કેદ કરી રહ્યા છે, જેથી DGVCL તેમને બદલી ન શકે.

અમે સ્માર્ટ નથી, અમને સ્માર્ટ મીટર નથી જોઈતાઃ અંકિત વિશ્વકર્મા ગીતાનગરના રહેવાસીઓ એકત્ર થઈને સ્માર્ટ મીટરનો સખત વિરોધ કરી રહ્યા છે. સોસાયટીમાં રહેતા અને એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા અંકિત વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, અમે લોકો સ્માર્ટ નથી, જેથી અમને સ્માર્ટ મીટરની જરૂરિયાત નથી. સ્માર્ટ મીટર લગાડવામાં ન આવે આ માટે અમે લોખંડની જાળી લગાવી છે અને તાળું માર્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, અમે અધિકારીઓને હાથ જોડીને કહીશું કે અમારા જૂના મીટર જ રહેવા દો, નવા સ્માર્ટ મીટરની જરૂરિયાત નથી. આ અંગે અમે ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ ને લેખિતમાં પણ જાણ કરી છે. અંકિતભાઈના આ નિવેદન પરથી સ્પષ્ટ થાય છે કે લોકો સ્માર્ટ મીટરના ફાયદાઓ કરતાં તેનાથી થનારા સંભવિત આર્થિક બોજને લઈને વધુ ચિંતિત છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

# એઆઈ ક્ષેત્રે ક્ષમતા વિકાસની જરૂરીયાત



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

ભારત વિશ્વમાં ડિજિટલ ડેટાનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. તેનાથી માત્ર ચીન જ આગળ છે

ભારતે જનરેટિવ એઆઇ સહિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ) ક્ષેત્રે સાર્વભૌમ ક્ષમતાઓ વિકસાવવાની જરૂર છે તેમ આઈબીએમના અધ્યક્ષ અરવિંદ કૃષ્ણાએ જણાવ્યું હતું. ભારતીય નીતિ ઘડવૈયાઓએ તેમની સલાહને ગંભીરતાથી લેવી જોઈએ. એઆઈનો ઉપયોગ, ખાસ કરીને મશીન લર્નિંગ અને ડીપ લર્નિંગ, તાજેતરના વર્ષોમાં ઝડપથી વધ્યો છે. આનો ઉપયોગ ઈ-કોમર્સ ભલામણોથી લઈને સ્વ-ડ્રાઈવિંગ કાર સુધીનો છે. જનરેટિવ એઆઇ મોડલ્સ નવી સામગ્રી બનાવવા, કુદરતી ભાષામાં પ્રશ્નોના જવાબ આપવા, મોટા પ્રમાણમાં ડેટામાંથી વલણો શોધવા અને દવાઓ શોધવાથી લઈને વીડિયો અને આડિયોના નિર્માણ સુધીના વિકલ્પો અને જવાબો સાથે આવી શકે છે, તેઓ ક્રાંતિ લાવી શકે છે. વિશ્વની અર્થવ્યવસ્થા અને સમાજ પર તાજેતરના ભૂતકાળમાં અન્ય તકનીકો કરતાં તેની ઊંડી અસર થઈ શકે છે.

ઘણી ભારતીય કંપનીઓ ખૂબ જ ઉત્સાહ સાથે જનરેટિવ એઆઈના ક્ષેત્રમાં પ્રવેશ કરી રહી છે. તેમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજી જાયન્ટ્સ ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ અને ઇન્ફોસિસ અને એક ડઝન સ્ટાર્ટઅપનો સમાવેશ થાય છે. પરંતુ હજુ સુધી કોઈપણ ભારતીય કંપનીએ તેનું પાયાનું મોડલ તૈયાર કરવાની વાત કરી નથી. ભારતીય ટેક્નોલોજી કંપનીઓ અને ભારત સરકાર પણ એપ્લિકેશન ક્ષેત્ર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારત સરકારની કેટલીક શાખાઓએ ચોક્કસ ડેટા સેટ્સ અને ક્લાઉડ કોમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવી એપ્લિકેશન્સ બનાવવા માટે પ્રોગ્રામ્સ બનાવવાનું શરૂ કરી દીધું છે. મુખ્યત્વે અરજીઓ પર આધાર રાખવો એ ભૂલ હશે. ભારતે એવી ક્ષમતાઓ પણ વિકસાવવી જોઈએ જે નવા, સ્વદેશી મૂળભૂત એઆઇ મોડલ બનાવવામાં મદદ કરે.

એઆઈએ સામાન્ય હેતુની તકનીક છે, અને સમાજ અને વ્યવસાયમાં શક્તિના સંતુલનને નાટકીય રીતે બદલી નાખે છે. એઆ પર પ્રભુત્વ ધરાવતા દેશો ટેક્નોલોજી કોલોનાઇઝર્સ બની જાય છે, જ્યારે આ ટેક્નોલોજીના એક્સેસ માટે અન્ય લોકો પર નિર્ભર દેશો ટેક્નોલોજી કોલોની બની જાય છે. જ્યારે અમેરિકા ડિજિટલ અને અન્ય ટેક્નોલોજીના ક્ષેત્રમાં ટોચના સ્થાને છે, ત્યારે ચીન પણ છેલ્લા એક દાયકાથી આ દિશામાં સખત મહેનત કરી રહ્યું છે જેથી તે ઘણા તકનીકી ક્ષેત્રોમાં સાર્વભૌમ ક્ષમતાઓ વિકસાવી શકે અને એઆઈથી જીનોમિક્સ તરફ આગળ વધી શકે. ભારતે સામાન્ય રીતે એપ્લિકેશન્સ અને સર્વિસ સેક્ટર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એઆઇ ક્ષમતાઓ વિશે વાત કરીએ, ખાસ કરીને જનરેટિવ એઆઇ મોડલ્સ જેવી અદ્યતન તકનીકોના ક્ષેત્રમાં, ભારત માટે આમ કરવું સરળ રહેશે નહીં કારણ કે તે આ દિશામાં મોડું શરૂ કરી શકશે. યુનાઇટેડ સ્ટેટ્સ અને કેનેડામાં યુનિવર્સિટી સંશોધન કાર્યક્રમો અને ઓપનએઆઇ, ગૂગલ, મેટા, માઇક્રોસોફ્ટ, એન્થ્રોપિક અને અન્ય જેવી ટેક્નોલોજી કંપનીઓએ અદ્યતન એઆઈ સંશોધનમાં ભારે રોકાણ કર્યું છે. ચીનમાં, ઘણા સ્ટાર્ટઅપ્સે તેમના પોતાના જનરેટિવ એઆઇ મોડલ બનાવ્યા છે અને ચીનની સરકાર પણ લાંબા સમયથી એઆઇ સંશોધનને પ્રાથમિકતા આપી રહી છે. યુરોપીયન દેશો અમેરિકા અને યુરોપથી પાછળ રહી ગયા છે, પરંતુ ફ્રાન્સ, જર્મની અને અન્ય યુરોપીયન દેશોની સંશોધન સંસ્થાઓ પોતાના સ્તરે ટ્રાન્સફોર્મર અને અન્ય એઆઇ મોડલ તૈયાર કરી રહી છે જે અમેરિકામાં બનેલા મોડલને પડકાર આપી શકે છે. આ ક્ષેત્રમાં આગળ વધવા માટે ભારતને સ્પષ્ટ આયોજન અને યોગ્ય અમલીકરણની જરૂર છે. એક વિકલ્પ એ છે કે ભારત સરકાર આગેવાની લે અને નેશનલ એઆઇ કમ્પ્યુટિંગ સેન્ટર સ્થાપે. પરંતુ એક બીજું મોડેલ છે જે આપણે ઓપન એઆઇના મૂળ ચાર્ટરમાં જોયું છે. ભારતની મોટી આઈટી કંપનીઓ ઓપનએઆઇ દ્વારા બનાવવામાં આવેલી એઆઇ સંશોધન સંસ્થાને સંયુક્ત રીતે ભંડોળ પણ આપી શકે છે. આનો અર્થ એ થશે કે લાંબા ગાળાના સામાન્ય હિત તરફ કામ કરવા માટે બજારની હરીફાઈને બાજુ પર રાખો. જો પછીના મોડલને પણ અનુસરવામાં આવે તો, સરકારે એવી નીતિઓ બનાવવી પડશે કે જે યુ.એસ. અને યુરોપમાં એઆઇ સંશોધન માટે કામ કરી રહેલા શ્રેષ્ઠ લોકોને ભારતમાં લાવી શકે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫–સિટર ● ૭–સિટર ●





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# માંડવી તાલુકાના માછીવાડ ખાતે ના મકાનમાંથી મળેલી મહિલાની દુર્ગંધ મારતી લાશનો ભેદ ઉકેલાયો હતો. ખુદ પતિ જ પત્નીનો હત્યારો નીકળ્યો





**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** માંડવીમાં અંબાજી રોડ માછીવાડમાં પુષ્પા ચૌહાણના મકાનમાં ભાડુત તરીકે રહેતા માંડવી એસ.ટી.બસ ડેપોના ડ્રાઇવર મહિસાગરના સંતરામપુરનો દિનેશ ડામોર પત્ની સુમિત્રા સાથે અવાર નવાર ઝઘડો કરી મારી નાખવાની ધમકી આપતો હતો. એક-બે માસ પહેલા ઝઘડો થતાં પત્ની પિયર ચાલી ગઈ હતી. જેને સમજાવી બોલાવી લાવ્યા હતા. ચાર દિવસ પહેલા આ મકાનના દરવાજા પર તાળું મારેલું હતું.

શુક્રવારે મકાનમાંથી તીવ્ર દુર્ગંધ આવતાં પોલીસે આવી તાળું તોડી ઘરમાં જોતાં મહિલાની લાશ પડી હતી. પોલીસે લાશને ફોરેન્સિક પીએમ માટે સુરત મોકલતાં પતિએ જ તેની હત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું. પતિ દિનેશ ડામોરે પત્નીના કંકાસથી કંટાળી ગયો હતો અને અગાઉ મારી નાખવાની ધમકી આપતાં તે ઈરાદે ગળું દબાવી હત્યા કરી હતી. અને ઘર ના દરવાજા ને બહારથી તાળું મારી ભાગી ગયો હતો. ત્રણ ચાર દિવસ વીતતા પાડોશીઓને દુર્ગંધ આવતા પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ઘર ખોલી ચેક કરાતા મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો

ગતરોજ મૃત મહિલાના પતિ દિનેશનો સંપર્ક કરતાં તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. આથી માંડવી એસ.ટી. બસ ડેપોમાં તપાસ કરતાં તા.૨૯ જૂનથી નોકરી પર ગયો ન હોવાનું જાણવા મળ્યું હતું. માંડવી પોલીસ સ્ટેશનના પીઆઇ એ.એચ. ચૌહાણે ગણતરીના કલાકોમાં જ આ ભેદ ઉકેલ્યો હતો.

હત્યારો પોતે ST માં ડ્રાઇવર તરીકે હતો જેથી પોલીસને શંકા હતી કે જઝ બસ મારફતે અવર જવર કરી ફરાર થશે. જેને લઈને પોલીસે જઝ ડેપો અને અલગ અલગ જિલ્લાની પોલીસને મેસેજ આપી દીધા હતા. જેને લઈને જિલ્લાની પોલીસ પણ સતર્ક થઈ ગઈ હતી. ત્યારે કાગડા પીઠ પોલીસે અમદાવાદના ગીતા મંદિર ST ડેપો આવવાથી ઝડપી લીધો હતો અને આરોપી નો કબજો માંડવી પોલીસને સોપ્યો હતો. હાલ માંડવી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરત જિલ્લાના ઉમરપાડા પોલીસ દ્વારા ઉમરઝર ગામે જુગારીઓને ઝડપી પાડ્યા



**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** ઉમરપાડા પોલીસ દ્વારા બાતમીના આધારે ઉમરઝર ગામે જુગાર રમતા ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા તેમ જ આઠ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે તેમની પાસેથી રોકડ રકમ તથા વાહનો અને મોબાઈલો મળી ૩,૧૯,૩૩૦ નોમુદામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસ દ્વારા મળતી માહિતી અનુસાર ઉમરપાડા પોલીસને બાતમી મળી હતી કે ઉમરઝરગામે સ્ટેશન ફળિયામાં રહેતો તુલશીભાઈ નાનુભાઈ વસાવા તથા તેનો દીકરો મનહરભાઈ તુલસીભાઈ વસાવા તેઓ મળીને પોતાના આર્થિક ફાયદા સારું બહારથી તેના મળત્યા માણસોને બોલાવી પોતાના ઘરમાં ગંજીપાના વતી હારજીત નો જુગાર રમાડી રહ્યો છે જે માહિતીના આધારે ઉંમરપાડા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ તરત હરકતમાં આવી માહિતી વળાસ્થળે રેડ મારતા જુગાર રમતા ચાર વ્યક્તિઓને ઝડપી પાડ્યા હતા (૧) દિલીપ ધનરાજ મહેતા રહે. નેત્રંગ (૨) રાહુલ વીરસિંગ વસાવા રહે .ઉમરઝર (૩) ખાલપા માનસિંગ વસાવા રહે .ઉમરઝર(૪) દિપક નરપત વસાવા. રહે.ઉમરઝર અને બીજા આઠ આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા જેઓ (૧) તુલસી નાનુ વસાવા રહે. ઉમરઝર (૨) મનહર તુલસી વસાવા રહે.ઉમરઝર(૩) મહેશ સોમા વસાવા રહે. નેત્રગ(૪) રાજુ મુસ્તફા દિવાન રહે. નેત્રંગ (૫) ઝકીર શકુર મેમણ રહે. નેત્રંગ (૬) સ્થળ પર મળેલ રેડમી કંપની એન્ડ્રોઇડ મોબાઈલ નો માલિક નામ ઠેકાણા ની ખબર નથી ( ૭) સફેદ કલરની ઇકો ફોરવીલ કાર મૂકીને ભાગી જનાર નામ ઠેકાણા ની ખબર નથી

(૮) એક નોકિયા કંપનીનો મોબાઇલ સ્થળ પર મૂકી ભાગી જનાર મોબાઇલ ધારક એનું નામ સરનામાની ખબર નથી વગેરે અને તપાસમાં નીકળે તેઓ તમામ ને વોન્ટેડ જાહેર કરી અને સ્થળ પર મળી આવેલ અંગ ઝડતીના રોકડ રકમ ૧૧૭૦ દાવઉપર ની રોકડ રકમ ૬૬૦ મોબાઈલ નંગ. ૪ જેની રકમ રૂ.૧૭૫૦૦ તથા મારુતિ સુઝુકી ઇકો ગાડી જેની કિ. રૂ.૩,૦૦૦૦૦ કુલ્લે મળી ૩,૧૯,૩૩૦ નો મુદ્દા માલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝરી દઢવાડા-કેવડી રોડ પર ભારે અકસ્માતઃ બુલેટ છકડાને અર્ટિકા કારની ટક્કર, એકનું મોત



**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી તાલુકાના ઝરી દઢવાડા ગામના રહેવાસી નવીનભાઈ વસંતજીભાઈ ચૌધરી ઘરેથી કામ અર્થે નીકળ્યા હતા તે દરમિયાન અચાનક દુર્ઘટના સર્જાઈ હતી દઢવાડા થી કેવડી જતા માર્ગ પર અકસ્માત નડતા સારવાર દરમિયાન એમનું મૃત્યુ નીપજયું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, ઝરી દઢવાડા ગામના રહેવાસી નવીનભાઈ વસંતજીભાઈ ચૌધરી (ઉ.વ ૪૦ ), નિશાળ ફળિયાના રહેવાસી હતા તેઓ પોતાના છકડા બુલેટ વાહન પર સવાર થઈ કેવડી ગામે મજૂરો લેવા કામ અર્થે જતા હતા આ દરમિયાન ઝરી દઢવાડા અને કેવડી વચ્ચેના માર્ગ પર પૂરપાટ ઝડપે આવી રહેલી ફોર વ્હીલ અર્ટિકા કાર (નંબર ઉં ૦૫ છચ ૪૮૬૧) ના ચાલકે અચાનક નુકસાનકારક રીતે બુલેટ છકડાને ટક્કર લાગી જતા બુલેટ છકડો ફેંકાઈ ગયો હતો અકસ્માત ના કારણે નવીનભાઈને તાત્કાલિક ગંભીર ઈજાઓ પહોચી હતી.

જોકે તુરંત તેમને બેભાન અવસ્થામાં સારવાર માટે નિકટની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેમનું દુખદ અવસાન થયુંહતું અકસ્માત અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને કારચાલક સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ગામમાં આ અચાનક થયેલા દુર્ઘટનાને કારણે શોકનું મોજુ ફરી વળ્યું છે.

# ડેડીયાપાડા : ભાજપા નેતાઓ દ્વારા મનરેગા માં આચરેલું કરોડોનું કૌભાંડ નો રેલો ગાંધીનગર સુધી ગયો





ડેડીયાપાડા : ભાજપા નેતાઓ દ્વારા મનરેગા માં આચરેલું કરોડોનું કૌભાંડ નો રેલો ગાંધીનગર સુધી ગયો.

એને દબાવવા માટે મનરેગા નું કરોડોનું કૌભાંડ ઉજાગર કરનાર આમ આદમી પાર્ટીના યુવા ધારાસભ્ય ચૈતર વસાવાને ખોટા કેસમાં ફસાવી તેમની ધરપકડ કરવામાં આવી એના વિરોધમાં અને ચૈતર વસાવાના સમર્થનમાં સુરત અને અમદાવાદ ખાતે આમ આદમી પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ દ્વારા પ્રચંડ વિરોધ નોંધાવી પ્રદર્શન કરવામાં આવ્યું.

## સુરત જિલ્લા સહકાર ભારતીના ઉપક્રમે

# બારડોલી પ્રદેશ સહકાર ભારતી નાં સહયોગથી વિશ્વ સહકાર દિવસની ઉજવણી બારડોલી ખાતે કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું




**સુરત-** સુરત જિલ્લા સહકાર ભારતીના ઉપક્રમે બારડોલી પ્રદેશ સહકાર ભારતી નાં સહયોગથી વિશ્વ સહકાર દિવસની ઉજવણી બારડોલી ખાતે કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સહકાર ભારતી બારડોલીના અધ્યક્ષ શ્રી અરવિંદભાઈ જાધવે સ્વાગત પ્રવચન થકી સૌને આવકાર્યા હતા. જિલ્લા અધ્યક્ષ શ્રી રમેશભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી અજિતસિંહ સુરમા, મહામંત્રીશ્રી જે.ડી.પટેલ, મહિલા પ્રકોષ્ઠ પ્રમુખ શ્રીમતી મયૂરીકાબેન જાધવ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે પુનિત સ્કુલ ના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ તેમજ ગુરૂકુળસુપાના પ્રમુખશ્રી દિપકભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

દ.ગુ. ના સંયોજક શ્રી પ્રવિણભાઈ ટેલરે સૌને વિશ્વ સહકાર દિવસની શુભકામના પાઠવી સહકારી ક્ષેત્રમાં કાર્ય કરતા તમામને વિના સંસ્કાર નહીં સહકાર' ના મંત્ર થકી પ્રશિક્ષિત કરવાનુંકામ કરતી બિનરાજકીય સંસ્થા સહકાર ભારતી ના દેશભરમાં ચાલી રહેલા કાર્યની વિગતવાર માહિતી આપી સહકારી સંસ્થાઓ વિશે જાગૃતિ વધારવાના તથા લોકોને સહકારી સંસ્થાઓના મહત્વ વિશે શિક્ષિત કરવાનાં ઉદ્દેશ સાથે આંતરરાષ્ટ્રીય સહકારી દિવસનુ મહત્વ અનેક ઉદાહરણો આપી સમજાવ્યું હતું. સહકારથી સમૃદ્ધિનાં કામમાં લાગી જવા સૌને અપીલ કરી હતી. આ બેઠકમાં બારડોલી સહકાર ભારતીના ઠાકોરભાઈ ચૌહાણ, વસંતભાઈ ચૌધરી, મોહનસિંહ રાઠોડ, ભારતીબેન ચૌધરી, કોકિલાબેન ચૌહાણ, ભરતભાઈ ધનગઢ, વિગેરે હાજર રહેલા હતા.

પુનિત સ્કુલ બારડોલીમાં આગેવાનોનાં હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન તથા આભાર દર્શન સંગઠનપ્રમુખશ્રી કિરણભાઈ નાયકે કર્યુ હતું.

Date-09/07/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### માંડવી ફોરેસ્ટ રેસ્ટ હાઉસ ખાતે

## સુરત જિલ્લા કોગ્રેસ સમિતિ ના નવનિયુક્ત પ્રમુખ આનંદભાઈ ચૌધરી નો પદગ્રહણ સમારંભ યોજાયો

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** સુરત જિલ્લાના માંડવી માં ૧૫૭ વિધાનસભાના ના પૂર્વ ધારાસભ્ય આનંદભાઈ ચૌધરી ને સુરત જિલ્લાના કોગ્રેસ સમિતિ પ્રમુખ બનવા બદલ પદગ્રહણ સમારંભ શનિવાર ના રોજ માંડવી ફોરેસ્ટ રેસ્ટ હાઉસ ખાતે યોજવામાં આવ્યો હતો.






આ કાર્યક્રમમાં નવનિયુક્ત પ્રમુખ આનંદભાઈ ચૌધરી ને પુષ્પમાળા પહેરાવી સન્માનિત કરાયા હતા. તેમજ વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા દ્વારા ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. પ્રસંગે મુકુલભાઈ વાસનિકજી મહામંત્રી AICC, ગુજરાત પ્રભારી, અમિતભાઈ ચાવડા વિરોધ પક્ષના નેતા-ગુજરાત વિધાનસભા ડો. તુષારભાઈ ચૌધરી MLA ખેડબ્રહ્મા, તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી, ભરતસિંહ સોલંકી પૂર્વ કેન્દ્રીય મંત્રી, પૂર્વ અધ્યક્ષ ગુ. પ્રદેશ કોંગ્રેસ સમિતિ ઉષાજી નાયડુ AICC પ્રભારી શ્રી દક્ષિણ ગુજરાત શૈલેષભાઈ પરમાર ઉપનેતા-ગુજરાત વિધાનસભા હેમાંગીબેન ગરાસીયા AICC મેમ્બર સિદ્ધાર્થ ચૌધરી પૂર્વ લોકસભાના ઉમેદવાર બારડોલી. મનહરભાઈ પટેલ પૂર્વપ્રમુખ સુરત જિલ્લા કોગ્રેસ સમિતિ સહિત વિવિધ તાલુકા માંથી કોગ્રેસ પ્રમુખો હોદ્દેદારો કાર્યકરો તેમજ માંડવી નગર કોગ્રેસ પ્રમુખ સંજયભાઈ ઉપાધ્યાય માંડવી નગર કોગ્રેસ મહામંત્રી મેહુલભાઈ ખેગાર માંડવી નગર કોગ્રેસ ઉપપ્રમુખ સુરેશભાઈ ખટીક માંડવી નગર માંડવી તાલુકામાંથી હોદ્દેદારો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## એક રાષ્ટ્ર એક ચૂંટણી સંદર્ભે ૧૫૮- કામરેજ વિધાનસભા બેઠક પર પ્રબુદ્ધ નાગરિક સંમેલન મંત્રીશ્રી પ્રફુલ્લ ભાઈ પાનસુરીયા દ્વારા યોજવામાં આવ્યું






**બારડોલી-** એક રાષ્ટ્ર એક ચૂંટણી સંદર્ભે ૧૫૮- કામરેજ વિધાનસભા બેઠક પર પ્રબુદ્ધ નાગરિક સંમેલન મંત્રીશ્રી પ્રફુલ્લ ભાઈ પાનસુરીયા દ્વારા યોજવામાં આવ્યું હતું . આ પ્રસંગે વક્તા તરીકે પંચમહાલ જિલ્લાના પ્રભારી શ્રી ડો.ભરતભાઈ ડાંગર પ્રાસંગિક ઉદબોધન કરી વિસ્તૃત માહિતી આપી હતી, સાથે સુરત જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી જીગરભાઈ નાયક રાજેશભાઈ પટેલ ,કિશન ભાઈ પટેલ, ઉપપ્રમુખ વિકાસ ભાઈ પટેલ, જતીન ભાઈ પટેલ,. તાલુકા પંચાયત ના પ્રમુખ શ્રી રેખાબેન પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ સુચેતન પટેલ મહામંત્રી જૂબીન પટેલ, નિમેષ દેસાઈ, તથા હોદેદારો, પદાધિકારીઓ, ખૂબ મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકો તથા સુરત મહાનગર ની કામરેજ વિધાનસભા બેઠક માં આવતા તમામ વોર્ડ ના પ્રમુખો તથા આગેવાનો હાજર રહ્યા હતા.

### બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં

## ગાંધી રોડ ઉપર બી. આર. કોમ્પલેક્ષ જાહેરમાં પૈસા વતી હારજીતનો તીન પત્તીનો જુગાર રમતા ઈસમોને મુદ્દામાલ સાથે પકડી પાડતી બારડોલી ટાઉન પોલીસ

**બારડોલી-** પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ સુરત વિભાગ રાહબરી હેઠળ નાયબ પોલીસ મહાનિરીક્ષક હિતેષ જોયસર સુરત ગ્રામ્ય, જીલ્લામાં ગેરકાયદેસર પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુત કરવા માટે સુચના આપેલ હોય જે અન્વયે વિભાગીય પોલીસ અધિક્ષક એચ.એલ. રાઠોડ બારડોલી ડીવીજન સુરત ગ્રામ્ય નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર વી.એ. દેસાઈ બારડોલી ટાઉન પોલીસ સ્ટાફના માણસો સાથે જુગારનો ગણનાપાત્ર કેશ શોઢી કાઢેલ છે.




પોલીસ ઈન્સપેક્ટ વી. એ. દેસાઈની સુચનાથી પોલીસ સ્ટાફના માણસો સાથે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એ. એસ. આઈ. મહેન્દ્રભાઈ શનાભાઈ તથા અ.હે.કો. જીતેન્દ્રભાઈ બીજલભાઈ નાઓને સંયુક્ત રાહે ખાનગી બાતમીદાર થકી ચોક્કસ બાતમી હકિક્ત મળેલ કે મોજે બારડોલી ગાંધી રોડ ઉપર આવેલ બી. આર. કોમ્પલેક્ષમાં પહેલા માળે આવેલ રૂહી પ્રોપટી ઓફીસની બહાર ગેલેરીમાં (લોબીમાં) જાહેરમાં કેટલાક ઇસમો ટોળુ વળી ગંજી પાના વડે પૈસા વતી તીન પત્તીનો હરજીતનો જુગાર રમે છે.

જે બાતમી હકીકતના આધારે બારડોલી ટાઉન પો.સ્ટે. ના પો.અધિકારી/પો.માણસો સાથે બાતમી હકીકતવાળી જગ્યાએ રેડ કરી, પાંચ ઇસમોને તીન પત્તીનો પૈસા વતી હારજીતનો જુગાર રમતા પકડી પાડી આરોપીઓની અંગઝડતીના રોકડા રૂપિયા ૫,૫૦૦ તથા દાવ ઉપર રોકડા રૂપીયા ૬,૯૦૦ મળી કુલ રોકડા રૂપીયા ૧૨,૪૦૦ તથા મોબાઈલ નંગ.૦૫ આ.કિ.રૂ.૯૭,૦૦૦ કુલ્લે કિંમત રૂપિયા ૧,૦૯,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગણનાપાત્ર જુગારનો કેસ શોધી કાઢી ગુનો દાખલ કરવામાં આવેલ છે.

## માંડવી નગરમાં મોહરમ તાજીયા ઝુલુસ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી નગરમાં મોહરમ તાજીયા નિમિત્તે ઝૂલસ કાઢવામાં આવે છે. કરબલા ખાતે શહીદી વહોરનાર ઇમામ હુસૈન ની યાદ માં મોહરમ નો તહેવાર ઉજવવામાં આવે છે .જેમાં માંડવી નગરના જુદા જુદા વિસ્તારોમાંથી તાજીયા બનાવી કાઢવામાં આવે છે જેમાં ગાંધી ફળિયા, બાવાગોર નો ટેકરો માર્કેટ ફળિયા, નવી નગરી માંથી તાજિયાઓ કાઢવામાં આવે છે તાપી મેઇન રોડ સુધી લઈ જઈ ફરી પાછા તાજીયા માર્કેટ ફળિયા ખાતે લાવી ઠંડા કરવામાં આવે છે આ તાજિયામાં બંને કોમોના લોકો જોડાઈ છે. જેના કારણે કોમી એખલાસનું વાતાવરણ સર્જાયું હતું. આ ઝુલુસ માં





મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદારો જોડાયા હતા.આ પ્રસંગે ડીવાયએસપી સુરત ગ્રામ્ય ના વનાર ના સુપર વિઝન હેઠળ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો જેમાં પીઆઇ એ એસ ચૌહાણ, પીઆઇ મોડ, તથા પોલીસ જવાનો ટી આર બી, જી આર ડી જવાનો જોડાયા હતા.

## જન કલ્યાણ સર્વોદય ટ્રસ્ટ દ્વારા બારડોલી મીઢોળા નદી કાંઠે રહેતા પુર પીડિતો ગરીબ લોકો ને રાશન કીટ અર્પણ કરી મદદ પહોચાડી





**બારડોલી :** જન કલ્યાણ સર્વોદય ટ્રસ્ટ દ્વારા બારડોલી મીઢોળા નદી કાંઠે રહેતા પુર પીડિતો ગરીબ લોકો ને રાશન કીટ અર્પણ કરી મદદ પહોચાડી : ટ્રસ્ટી અને સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિના મહિલા પ્રમુખ : સ્વાતિબેન પટેલ દ્વારા ૫૦થી પણ વધુ વ્યક્તિને રાશન કીટ આપી સરાહનીય કાર્ય કરવામાં આવ્યું છે.

## માંડવી તાલુકાના આમલી ડેમના ત્રણ દરવાજા ખોલવામાં આવ્યા, રૂલ લેવલ જળવાઈ રહે તેવા પ્રયાસ કરવામાં આવ્યા

**રિપોર્ટર, દક્ષેશ પટેલ, માંડવી-** સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલા આમલી ડેમમાં ધોધમાર વરસાદને પગલે પાણી ના ભરાવ વધતા ડેમના કુલ ૮ દરવાજાઓમાંથી (૩) દરવાજા ખોલવામાં આવ્યા છે. નર્મદા ઉપવન યોજના હેઠળ આવેલી આ સંગ્રહિત જળસંચય યોજના હાલ મહત્ત્વના તબક્કે પહોંચી છે.





હાલમાં ડેમની પાણીની સપાટી ૧૧૨ મીટર છે, જ્યારે ડેમનું રૂલ લેવલ ૧૧૩ મીટર નક્કી કરાયેલું છે. જેને ધ્યાનમાં લઈને હાલના જળપ્રવાહને નિયંત્રિત કરવા માટે (૩) દરવાજા ખોલી નોર્મલ સપાટી જાળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

અધિકારીઓ પાસેથી મળતી માહિતી મુજબ ૨૪૦૦ ક્યુસેક પણી વેરનદીમાં છોડવામાં આવી રહ્યું છે જેથી હાલ કોઈ તાત્કાલિક જોખમની સ્થિતિ નથી પરંતુ નીચાણવાળા વિસ્તારોમાં જો ઘરો હોય તો સતર્ક રહેવા જાણ કરવામાં આવી છે

ડેમની કુલ ગણીતી સપાટી ૧૧૫ મીટર છે અને જો આગામી દિવસોમાં વરસાદ ચાલુ રહેશે તો વધુ દરવાજા ખોલવાની શક્યતા રહે છે. સ્થાનિક વહીવટ તંત્રે આસપાસના ગામોને એલર્ટ રહેવા સૂચના આપી છે તથા નદી કાંઠે ન જવા માટે સૂચના પણ આપવામાં આવી છે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).